# મણીયારીમાં બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

## સુરીલા સંગીતના તાલે શુદ્ધ મંત્રોચ્ચારના બુલંદ ધ્વનિ થકી હોમ-હવન ઈત્યાદી ધાર્મિક પ્રસંગો ઉજવ્યા, ભક્તોની મોટી સંખ્યામાં હાજરી

ચાણસ્મા, તા. ૯

ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે મહેતા, ભટ્ટ અને દેરાસરી કુટુંબના કુળદેવી બ્રહ્માણી માતાજીનો રંગેચંગે પાટોત્સવ ઉજવાઈ ગયો. જેઠ સુદ



તેરસને બુધવારના રોજ આયોજીત આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં માતાજીના બાલુડાઓએ હાજરી આપી દર્શન અને ધાર્મિકતાનો લ્હાવો લીધો હતો. મંદિરના ટ્રસ્ટીગણે સુંદર વ્યવસ્થાનું આયોજન કરી પ્રસંગને સફળ બનાવવા અથાક પરિશ્રમ કર્યો હતો. વિવિધ ધાર્મિક પ્રસંગો સાથે સંપન્ન થયેલા આ પાટોત્સવમાં માતાજીએ ગામમાં શોભાયાત્રા સ્વરૂપે નગરચર્યા કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાનું મણીયારીગામ બ્રહ્માણી માતાજીના પાટોત્સવ થકી તેની સુવાસ દર વર્ષે ફેલાવી રહ્યુ છે. બ્રાહ્મણોમાં મહેતા, ભટ્ટ અને દેરાસરી કુટુંબીઓની કુળદેવી બ્રહ્માણી માતાજીનો દર વર્ષે પાટોત્સવ ઉજવાયો છે. તેજ રીતે જેઠ સુદ તેરસ અને બુધવારના રોજ માતાજીનો પાટોત્સવ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ ગયો છે.

વહેલી સવારથી જ માતાજીના સાનિધ્યમાં પૂજા-પાઠ સાથે ધાર્મિક વિધિની શરૂઆત કરાઈ હતી. જેમાં સંગીત-વાંજીત્રોના સુરીલા સુરોની તાલે શુદ્ધ મંત્રોચ્ચારના બુલંદ ધ્વનિ થકી હવન તથા અન્ય ધાર્મિક વિધિ થઈ હતી. માતાજીના આ પ્રસંગે વિવિધ લાભ લેવા માટે હાજર માઈભક્તોએ દાનની સરવાણી વહાવી દઈ લ્હાવો લીધો હતો. ગામમાં માતાજીની શોભાયાત્રા પણ નીકળી હતી જેનો ગામવાસીઓએ દર્શનનો લાભ લીધો હતો. શકરાધ્યના જીવંત મંત્રોચ્ચારના અંતે શ્રીફળ હોમ કરી માતાજીની આરતી થઈ હતી અને મહાપ્રસાદનું આયોજન કરાયુ હતુ.

ગુજરાતના રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, હળવદ, ચોટીલા, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર તેમજ દેશ-વિદેશમાં વસતા માતાજીના બાલુડાઓ ઉપસ્થિત રહી ધન્ય બન્યા હતા. માતાજીમાં અખુટ શ્રદ્ધા અને આસ્થા ધરાવતા ભુદેવોએ આ મંદિરમાં થયેલી ચોરીને વખોડી કાઢી તસ્કરો જલ્દીથી પકડાઈ જાય તેવી માંગ કરી છે. જેમાં આસ્થાના કેન્દ્ર એવા માતાજીના કિંમતી ચોરાયેલા ઘરેણા અંગે સરકાર ચિંતીત બને તે પણ ઈચ્છનીય બન્યુ છે.





**પ્રાંતિજમાં મેઘરાજાની પધરામણી**

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની પધરામણી. પ્રાંતિજ સહિત વિસ્તારોમાં ધીમીગતીએ મેઘરાજા ની પધરામણી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને અસંખ્ય ગરમી થી નગરજનોને રાહત થઈ હતી અને નગરજનોમાં ખુશીની લહેર જોવાં મળી હતી તો બીજી બાજુ વરસાદ ચાલુ થતાંજ વિજ પ્રવાહ બંધ થઈ ગયો હતો.

# પ્રાંતિજ ખાતે કાર્યકરો-પોલીસ વચ્ચે ઝપાઝપી

## રેલી યોજી આવેદનપત્ર આપવા જતા ઝપાઝપી મચી : ઝપાઝપીમાં કોંગ્રેસ મહિલા કાર્યકરનો હાથ ભાંગ્યો

પ્રાંતિજ, તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસ કાર્યકરો દ્વારા મધ્યપ્રદેશના





મંદસોરમાં બનેલ ઘટનાને લઈને ખેડૂત વિરોધી સરકાર સામે પગલા ભરવાની માંગ સાથે આવેદનપત્ર આપવા જતા મામલો બિચક્યો હતો.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા પ્રાંતિજ તલોદના પ્રમુખોની આગેવાની હેઠળ પ્રાંતિજ-તલોદ કોંગ્રેસના કાર્યકરો દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડથી રેલી યોજી તાલુકા સેવાસદન ખાતે આવેદનપત્ર આપવા જઈ રહ્યા હતા તે દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ પુતળુ બાળવા જતાં પોલીસ દ્વારા પુતળુ છીનવી લેવામાં આવ્યું હતું. ત્યાર બાદ કોંગ્રેસ કાર્યકરો દ્વારા ભાજપ સરકારના શાજીયા બોલાવ્યા હતા. અને રેલી ત્યાંથી તાલુકા સેવનસદન ખાતે પહોંચી હતી અને પોલીસ દ્વારા તાલુકા સેવાસદનનો ગેટ બંધ કરી પાંચ જણને અંદર પ્રવેશવાનું કહેતાં કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ચકમક જરી હતી અને કોંગ્રેસ કાર્યકરો મોટો ગેટ કુદીને અંદર પ્રવેશ કરી આગળ જતા સેવાસદનમાં



દાખલ થતાં હતાં તે સમયે કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થતા તે દરમ્યાન મહિલા કોંગ્રેસ કાર્યકર અને બનાસકાંઠા જિલ્લાનાં કોંગ્રેસ ના પ્રભારી રેખાબેન સોલંકીનો હાથ ભાંગી ગયો હતો અને મામલો ઉગ્ર બન્યો હતો. જયારે કોંગ્રેસ દ્વારા તાલુકા સેવાસદનને તાળા મારી દેવામાં આવ્યાં હતાં અને કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે શબ્દયુધ્ધ તથા પોલીસ દ્વારા તલોદ કોંગ્રેસના પ્રમુખની અટકાયત કરવા જતા કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ફરી ઝપાઝપી થઈ હતી જયારે મામલો બિચકાતા કોંગ્રેસ દ્વારા તાલુકા સેવાસદન ખાતે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત તલોદ પ્રાંતિજના કોંગ્રેસ પ્રમુખો સહિત કાર્યકરો હઠાગ્રહ ઉપર બેસી ગયા હતા જયારે પ્રાન્ત અધિકારી એ.આર.ચૌધરી ડીવાયએસપી શ્રીવાસ્તવ તેમની ટીમ સાથે દોડી આવી મામલો થાળે પાડયો હતો અને પ્રાન્ત અધિકારએ પણ આવેદનપત્ર સ્વિકારી લીધું હતું જયારે કોંગ્રેસના ધારાસભ્ય ૨૫ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

# મોડાસા માર્કેટયાર્ડમાં વેપારી દ્વારા તોલ માપમાં ગોલમાલ કરતા ખેડૂતો વિફર્યા

અરવલ્લી જિલ્લાના સૌથી મોટા મોડાસા માર્કેટયાર્ડમાં મગફળીનો પાક વેચવા આવેલા ખેડૂતોએ માતંગી ટ્રેડર્સ નામની પેઢીના વેપારી દ્વારા વજનકાંટા સાથે છેડછાડ કરી ૨૦ કિલો મગફળીએ ૨ કિલોની



ઘટ કરી ખેડૂતોને લૂંટતા ખેડૂતોને વેપારી અને વજનકાંટા સામે શંકા પેદા થતા અન્ય જગ્યાએ મગફળી તોલાવતા બે કિલોની ઘટ જણાતા હોબાળો મચાવી દીધો હતો. જગતના તાતને છેતરતા વેપારી સામે ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. હોબાળો થતા માર્કેટયાર્ડના સત્તાવાળાઓ દોડી આવી વેપારીનો વજન કાંટો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડૂત અગ્રણીના જણાવ્યા અનુસાર ખેડૂત મોઘાદાટ બીયારણ, દવાઓ સહિત ખર્ચ કર્યા બાદ પકવેલો મહામુલો પાક જયારે માર્કેટયાર્ડમાં જાય ત્યારે ભાવ ઓછો મળે છે અને આવા ચોર વેપારીઓ પણ વજનમાં ઘટ કરી લૂંટી લેતા હોવાથી ખેડૂતની હાલત કફોડી બની ગઈ છે. માતંગી ટ્રેડર્સ દ્વારા અત્યાર સુધી કેટલા ખેડૂતો સાથે છેતરપીંડી કરી છે તે પણ તપાસ કરવામાં આવે અને છેતરપીંડીનો ભોગ બનેલા વેપારીઓને વળતર આપવાની સાથે મોડાસા માર્કેટયાર્ડમાં આવેલી તમામ ખરીદી કરતી દુકાનોમાં વજનકાંટાની તોલમાપ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે મોડાસા માર્કેટયાર્ડમાં અન્ય કેટલાક વેપારીઓ અને પેઢીઓ દ્વારા વજન કાંટામાં છેડછાડ કરી ખેડૂતોને છેતરવામાં આવતા હોવાની બૂમ ઉઠી છે.

# ભિલોડાના ગંભીરપુરા ગામે અજાણ્યા વાહનની ટક્કરમાં બાઈકસવારનું મોત

ભિલોડાના ગંભીરપુરા ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહન હંકારતાં બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતાં બાઈક ચાલક ઘવાયો અને બાઈક પાછળ બેઠેલા આધેડનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં પરીવારજનો,સગાં-સબંધીઓ અને લોકોના ટોળે-ટોળા સમી સાંજે ઘટનાસ્થળે એકત્રીત થઈ ગયા હતા.

ભિલોડા પી.એસ.આઈ. એમ.એચ. સોલંકીના જણાવ્યા મુજબ અજાણ્યા વાહન ચાલકએ હોન્ડા સાઈન બાઈક નંબર. જી.જે.૩૧. પી. ૦૦૭૪ ને ટક્કર મારતાં ગંભીરપુરા ગામના સંજયભાઈ દિપકભાઈ ભગોરા અને બાઈક પાછળ બેઠેલ કણાદર ગામના મગનભાઈ ખાતુજી ગોપાતના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.વિજયનગર તાલુકાના કણાદર ગામના મગનભાઈ ખાતુજી ગોપાતનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. વિજયનગર તાલુકાના યશ મગનભાઈ ગોપાતએ અકસ્માત સંદર્ભે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસામાં ન્યુ શીતલ મેડીકલ સ્ટોર્સમાં શોર્ટસર્કીટથી ભયંકર આગ

## દવાઓ, કોમ્પ્યુટર, ફ્રીજ, ચેકબુક સહિતના દસ્તાવેજો બળીને ખાખ

મોડાસા, તા. ૯

મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળના વિસ્તારના શુભ કોમ્પ્લેક્ષમાં આવેલી ન્યુ શીતલ



મેડીકલ નામની દવાની દુકાનમાં ગુરૂવારે રાત્રીના સુમારે શોર્ટસર્કીટથી આગ ભભૂકી ઉઠી રોદ્ર સ્વરૂપ ધારણ કરતા આજુબાજુના દુકાનદારો અને મોડાસા ફાયર ફાયટર ઘટનાસ્થળે દોડી આવી આગ બુઝાવવા કોશીશ કરે તે પહેલા દુકાનમાં રહેલી દવાઓ સહિત તમામ ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જતા દુકાનદાર પર આભ તુટી પડ્યુ હતુ.

મોડાસા બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલી ન્યુ શીતલ મેડીકલ સ્ટોર્સમાં ગુરવારે રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે શોર્ટસર્કીટથી આગ લાગતા દુકાનમાંથી ધૂમાડાના ગોટેગોટા બહાર નીકળતા અને અગનજ્વાળાઓ લબુકા મારતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. દવાની દુકાનમાં આગ લાગતા આજુબાજુના દુકાનદારો અને નગરપાલિકાનુ ફાયર ફાયટર ઘટના સ્થળે ધસી આવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધર્યો હતો પરંતુ દુકાનની લાગેલી ભયાનક આગથી દુકાનમાં રહેલી દવાઓ, મેડીકલ લાયસન્સ, ખરીદ વેચાણના હિસાબી ચોપડા, ચેકબુક, કોમ્પ્યુટર, ફ્રીજ સહિત તમામ દસ્તાવેજો અને દુકાનની અંદર રહેલુ રાચરચીલુ બળીને ખાખ થઈ ગયુ હતુ. સદનસિબે આગ પર ફાયર ફાયટરે કાબુ મેળવતા આજુબાજુ રહેલી દુકાનો અને કોમ્પ્લેક્ષમાં આગ પ્રસરતી અટકાવતા મોટી જાનહાની ટળી હતી. ન્યુ શીતલ મેડીકલ સ્ટોર્સના માલીક અજયભાઈ પટેલના જણાવ્યા અનુસાર ૬ થી ૭ લાખનુ નુકશાન દવાઓ અને ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ જતા વેઠવાનો વારો આવ્યો હતો. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરીયાદ આપતા પોલીસે મેડીકલ સ્ટોર્સ પર જઈ પંચનામુ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.



રાજ્ય સરકાર દ્વારા તા. ૮ થી ૧૦ દરમ્યાન સમગ્ર ગુજરાતમાં ગ્રામ્ય કક્ષાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનુ આયોજન કરાયુ છે. મોડાસા તાલુકાની સબલપુર પ્રાથમિક શાળામાં ગુરૂવારના રોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી જિલ્લા નગર નિયોજક કચેરીના પ્લાનિંગ આસિસ્ટન્ટ ટી.જી.શેઠ તથા લાઈઝન ઓફિસર, કનુભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધો. ૧ ના બાળકોને શાળામાં પ્રવેશ આપી ધો. ૩ થી ૫ ના બાળકોનું મુલ્યાંકન સહિત વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટની અધ્યક્ષતામાં કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, કેમ્પસની વિવિધ શાખાઓના આચાર્યો, સ્ટાફ પરીવાર હાજર રહી વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળ ધાણા ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું.શાળાના આચાર્યએ આશીર્વચન આપી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકામાં કોંગ્રેસ દ્વારા કાયમી મામલતદારની જગ્યા ભરવા આવેદનપત્ર

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા તાલુકામાં મામલતદારની જગ્યા છેલ્લા સાત



માસથી ચાર્જમાં હોઈ તાલુકાના લોકોના કામ સત્વરે ન થતા હોઈ બુધવારના રોજ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યુ છે કે, ખેડબ્રહ્મા તાલુકાના મામલતદારની જગ્યા છેલ્લા સાત માસથી ખાલી હોઈ પોશીના મામલતદારના ચાર્જમાં ચાલે છે. અને તાલુકાની મોટાભાગની વસ્તી ગરીબ, મજુરવર્ગ, તથા ખેતીપશુપાલન કરતી હોઈ તેમના કામ ધંધા છોડી કામ કરવા ખેડબ્રહ્મા આવે છે. પરંતુ મામલતદાર ન હોઈ તેમના આવકના દાખલા, જાતીના દાખલા, બાળકોના નોન ક્રિમીલીયર દાખલા વગેરે પર મામલતદારની સહી થતી હોઈ ચાર્જવાળા મામલતદાર આવે ત્યારે જ સહીઓ થતી હોઈ કામ થવામાં વિલંબ થાય છે. જેથી તાલુકા કોંગ્રેસ મહામંત્રી પ્રકાશભાઈ ઉપાધ્યાય, રામજી મહારાજ, કનુભાઈ પટેલ સહીતના કાર્યકરોએ પ્રાંત અધિકારીને કાયમી મામલતદાર ફાળવવા આવેદનપત્ર આપ્યુ હતુ.

# મોડાસા માર્કેટયાર્ડમાં ૧૯૫ વ્યક્તિઓએ નકલી ગુમાસ્તા ધારાના પરવાના રજૂ કરી વેપારી બનવાની પેરવી કરનારાઓને નોટીસ

મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીઓના પડધમ વાગી રહ્યા છે. ત્યારે અત્યારથી જ મતદારો ઉભા કરવા અને ચૂંટણીમાં જીત મેળવવા કાવાદાવા શરૂ કરી દેવાયા છે. જેમાં વેપારી મતદારોનો મત મેળવવા બોગસ રીતે લાયસન્સ મેળવવા નીતનવા અખતરા કરી રહ્યા છે. વેપારી તરીકે નોંધણી કરાવી મતદાનનો હક્ક મેળવવા અને સત્તા મેળવાની લાલચે ૧૯૫ વ્યક્તિઓએ ખોટા દસ્તાવેજોના આધારે છેલ્લા ૬ મહિનામાં મળેલી માર્કેટયાર્ડની અરજીઓમાં શંકા જણાતા અરજી સાથે જોડેલા મોડાસા નગરપાલિકાના ગુમાસ્તાધારાના પરવાનાની ખરાઈ કરાવતા મોડાસા નગરપાલિકાતંત્ર ચોંકી ઉઠ્યુ હતુ અને ૧૯૫ વ્યક્તિઓએ ગુમાસ્તાધારાના પરવાના નકલી રજૂ કરાયાનુ જણાતા નગરપાલિકાતંત્ર દ્વારા નોટીસ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસા માર્કેટયાર્ડ દ્વારા નગરપાલિકાને ગુમાસ્તાના પરવાનાની ખરાઈ કરવા મોકલી અપાયા હતા જેના પગલે ચીફ ઓફીસરે સમગ્ર મામલાની તપાસ શોપ ઈન્સ્પેક્ટર શકીલભાઈ દધાલિયા વાળાને સોંપાતા સકીલભાઈએ તમામ દસ્તાવેજોને ખરાઈ કરાતા ગુમાસ્તાધારાના સર્ટીફીકેટ નકલી હોવાના અને ગુમાસ્તા ધારાના પરવાનામાં છેડછાડ કરી નામ અને સરનામા લખી દેવાયા છે. અસલ પરવાનાની ઝેરોક્ષ કાઢી તેમાં છેડછાડ કરી નામ લખી દેવામાં આવ્યા હોવાનુ અને નગરપાલિકાના સીક્કા અને સહીવાળા પરવાનામાં એક જ સરખુ જણાઈ આવતા તમામ ૧૯૫ નકલી બની બેઠેલા વેપારીઓને નગર પાલિકાતંત્ર દ્વારા નોટીસ ફટકારી નગર પાલિકાના ખોટા દસ્તાવેજો ઉભા કરવા માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૪૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ કેમ ન ધરવી ? અને નકલી દસ્તાવેજો અંગે ખુલાસો ૨ દિવસમાં આધાર પુરાવા રજૂ કરવાનુ જણાવી ખુલાસો નહી થાય તો ફોજદારી કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશેની નોટીસ ફટકારાતા ૧૯૫ વ્યક્તિઓ નગરપાલિકાની કાયદેસરની કાર્યવાહીથી ફફડી ઉઠ્યા છે.